ગાંધીનગર સમાચાર
તા. ૩-૯-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

ક્રૂર ગુનેગારને સગીર વયનો ફાયદો શા માટે?

બહુચર્ચિત 'દામિની' ઉર્ફે 'નિર્ભયા' સામૂહિક દુષ્કર્મ કાંડના સૌથી વધારે ઘૃણાલાયક ગુનેગારને ફક્ત એની સગીર વયના મુદ્દે થઈ શકતી વધુમાં વધુ સજા સ્વરૂપે ત્રણ જ વર્ષની સજા થઈ એથી દેશભરમાં ન્યાયની દેવી પ્રત્યે અણગમો વ્યક્ત થઈ રહ્યો છે. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ની એ અત્યંત ક્રૂર અને કરુણ ઘટના ભારતીય નારીની અસ્મિતાના લીરા ઉડાડનારી હતી. પ્રજાએ સ્વયંભૂ આક્રોશ અને પુણ્ય પ્રકોપનો ઉગ્ર પરચો આપી સત્તાધારી શાસકો તેમજ તંત્રની ઊંઘ ઉડાડી મૂકી હતી. નરાધમોની હવસનો ભોગ બનેલી એ વીર બાળા પ્રત્યે સહાનુભૂતિનાં ઘોડાપૂર ઊમટ્યાં હતાં. યુપીએ અધ્યક્ષાએ એને છેલ્લામાં છેલ્લી સારવાર મળી રહે એ માટે સરકારી ખર્ચે સિંગાપુરની વિશ્વવિખ્યાત હોસ્પિટલમાં મોકલી આપી હતી, છતાં એનો જીવ બચાવી શકાયો નહોતો. આવી ઘૃણાસ્પદ ગેંગરેપના આરોપીઓ પૈકીનો એ સગીર વયનો હતો તેથી એને અન્ય આરોપીઓ કરતાં જુદો તારવી તિહાડ જેલને બદલે બાળ અપરાધીઓ માટેના સુધારાગૃહમાં રાખવામાં આવ્યો હતો અને એનો કેસ પણ જુવેનાઈલ કોર્ટમાં ચલાવવામાં આવ્યો હતો. જે વખતે ગુવો બન્યો અને દિલ્હી સહિત દેશભરના સંવેદનશીલ નાગરિકો દામિનીની સહાનુભૂતિમાં રસ્તાઓ પર ઊતરી આવ્યા તે જ સમયે આ 'ખાસ' ગુનેગાર વિશેની ખાસ બાબતોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. એણે જ ચાલુ બસમાં મિત્ર સાથે પ્રવાસ કરી રહેલી કોલેજ કન્યાની સૌથી પહેલાં છેડછાડ શરૂ કરી હતી. એણે એની સાથે બબ્બે વાર બળાત્કાર કર્યો હતો અને પ્રતિકાર કરતી રહેલી યુવતીના ગુપ્તાંગમાં સળિયો ખોસી દીધો હતો જેને કારણે એ લોહીલુહાણ થઈ ગઈ હતી અને આખરે આંતરડામાં ઈન્ફેક્શન લાગતાં મૃત્યુને ભેટી હતી. ચાલુ બસમાંથી ઘસડીને એ જ ક્રૂર 'સગીર' અપરાધીએ એને રસ્તા પર ફેંકી દીધી હતી. આટલી ક્રૂરતા પછી પણ એને ઉંમરના મુદ્દે સગીર ગણીને ન્યાયપાલિકાએ એના જડકાનૂનને વળગી રહેવાનું વલણ અપનાવી આ વય માટેના અપરાધીઓને કરાતી વધુમાં વધુ સજા ત્રણ વર્ષની સજા ફરમાવીને ફક્ત પીડિતાના પરિવારને જ નહીં બલકે સમસ્ત દેશના સંવેદનશીલ નાગરિકોને સ્તબ્ધ કરી મૂક્યા છે. સૌ જાણે છે કે કાનૂન એની નિર્ધારિત પદ્ધતિનો વ્યતિક્રમ કરી શકતો નથી, તેથીસ્તો આ ગુનો બનતાંની સાથે 'સગીર વય' વિશે પુનઃ વિચારણા કરવાનો મુદ્દો જોરશોરથી ચર્ચાયો હતો. સુપ્રીમ કોર્ટે એમાં કશો ફેરફાર કરવાનો ઈનકાર કર્યો એમાં દેશના દૂધમલ કિશોરોને સુધરવાની તક આપવાનો શુભ ઈરાદો જ હોય, છતાં આવા ખાસ કેસમાં અપવાદરૂપે સખત સજાની જોગવાઈ ખૂબ જ જરૂરી હતી. આખા રેપકાંડનો મુખ્ય ખલનાયક તો આ કહેવાતો સગીર ગુનેગાર જ હતો. એની સામેના બધા આક્ષેપો સાબિત પણ થઈ ચૂક્યા છે. છતાં સગીર અદાલતના હાથ બંધાયેલા હોઈ એ પીડિતાને અપેક્ષિત ન્યાય આપી શકી નથી. કેન્દ્ર સરકારનાં મહિલા અને બાળકલ્યાણ મંત્રી તથા મહિલા આયોગનાં અધ્યક્ષા પણ આ કેસમાં અપરાધીને ફક્ત સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટના આધારે સગીર ગણી લેવા સિવાય અન્ય માપદંડો અનુસરીને જન્મટીપ જેવી આકરી સજા થવી જોઈતી હતી એમ માને છે. આ મુદ્દે હજી પણ પણ કંઈ થઈ શકતું હોય તો કરવું ઘટે. જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુબ્રહ્મણ્યમ સ્વામી આ મુદ્દે સક્રિય કાનૂની કાર્યવાહી કરી રહ્યા છે એમાં દેશ આખો એમની સાથે હશે.

સેનેટરી ઈન્સ્પેકટર કોર્સમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓ ભારતમાં અગ્રક્રમે

અમદાવાદ, તા. ૨

સમાજ વિકાસ માટે શિક્ષણ અને સ્વાસ્થ્ય મહત્વપૂર્ણ છે. સ્વસ્થતા માટે સ્વચ્છતા મહત્વનું પરિબળ છે એમ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સેનેટરી ઈન્સ્પેકટરના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરતા જણાવ્યું હતું.

બરફીવાલા ભવન, ખાનપુર ખાતે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટના સેનેટરી ઈન્સ્પેકટર ડિપ્લોમા કોર્સ વર્ષ ૨૦૧૨-૧૩માં ઉત્તમ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. ગુજરાતના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, વ્યારા અને દાહોદના ૨૧ વિદ્યાર્થીઓને આ પ્રસંગે પ્રમાણપત્ર એનાયત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિક સ્વયં શિસ્તને યોગ્ય કરવાનું કામ સેનેટરી ઈન્સ્પેકટરનું છે. ગ્લોબલ વાર્મિંગ અને પ્રદૂષિત વાતાવરણના મૂળ પ્રદૂષણ અને ગંદકીને દૂર કરવાનો પાયાનો પ્રયાસ સેનેટરી ઈન્સ્પેકટરોની જવાબદારી છે.

મુખ્યમંત્રીશ્રી સુવિધા શહેરની અને આત્મા ગામડાંનો સાકાર કરવા રૂર્બન પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો છે. જેમાં પ્રાથમિકતા સ્વચ્છતા છે. રાજયના ૮૫ ગામડાઓમાં આરંભ કરાયેલ રૂર્બન પ્રોજેકટમાં પ્રથમ મહત્વ ગટર કામને આપેલું છે. મંત્રીએ સંસ્થાને ગ્રામ સ્વચ્છતા માટે જનપ્રતિનિધિઓને આવી તાલીમ આપવા અંગે વિચારો રજૂ કર્યા હતા.

સ્વાગત પ્રવચનમાં સંસ્થાના મહાનિર્દેશક રણજીત ચૌહાણે સેનેટરી ઈન્સ્પેકટરોની કામગીરીનો ચિતાર જણાવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વનમેન્ટ સંસ્થાનો આ કોર્સ ૧૨ રાજયના ૩૦ સેન્ટરોમાં ચાલે છે તેનાથી માહિતગાર કર્યા હતા.

સરસ્વતી વિદ્યાલય ખાતે ગાંધી જીવનદર્શન પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. તેમાં પણ ભગવાન શિવની પૂજાનું મહાત્મ્ય ખુબજ વધારે હોય છે. શિવ સાથે જીવની એટલે કે ભારતના રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીજીના જીવનદર્શનનું પણ રસપાન થાય તેવા ઉમદા આશયથી ગાંધીનગર સ્થિત સેકટર-૬-બીમાં આવેલ સરસ્વતી વિદ્યાલય ખાતે 'ગાંધી જીવન દર્શન અને ગાંધી વિચાર' વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સરસ્વતી વિદ્યાલયમાં ગાંધી-મિત્ર વર્તુળ નામની સંસ્થાના સહયોગથી ગાંધીજીના વિચારોને પોતાના જીવનમાં ઉતારનાર એવા શિક્ષણવિદ અને સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણી દ્વારા 'ગાંધીજીવન દર્શન અને ગાંધી વિચાર' ઉપર એક વ્યાખ્યાનનું આયોજન શાળાના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. શ્રી પુરાણી તેમજ તેમના સાથી મિત્રોએ શાળાના વિદ્યાર્થીઓને ગાંધીજીની ઘણી બધી વણ જાણીતી વાતો અને ગાંધી વિચારોની વિદ્યાર્થીઓને ઘણી ઊંડી સમજ આપી હતી. આ કાર્યક્રમના અંતે બાળકોને ગાંધી-મિત્ર વર્તુળ તરફથી ગાંધીજીની આત્મકથા પર આધારિત 'મારી જીવન કથા' નામનું પુસ્તક દરેક બાળકને ભેટ આપ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકો અને શાળા પરિવારના સદસ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ સર્વે બાળકો તેમજ સ્ટાફ મિત્રો દ્વારા ગાંધી વિચારોને પોતાના જીવનમાં ઉતારવાની પ્રેરણા મેળવી તેને જીવન વ્યવહારમાં અમલ મુકવાની પ્રતિજ્ઞા લીધી હતી.



કચ્છ-બનાસકાંઠામાં 'આપણી સરહદો ઓળખો'ના સાહસિક પ્રવાસમાં જોડાવવા અરજી મંગાવાઈ

અમદાવાદ, તા. ૨

ગુજરાત રાજયના ૧૫થી ૩૫ વય મર્યાદા ધરાવતા યુવક-યુવતીઓને કચ્છ અને બનાસકાંઠા જિલ્લાની સરહદોમાં આપણી સરહદો ઓળખોના સાહસિક પ્રવાસમાં જોડાવવા અરજી મંગાવાઈ છે. યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના રાજય યુવક બોર્ડના ઉપક્રમે ચાલુ વર્ષે ઓકટોબર ૨૦૧૩માં દસ દિવસનો સાહસિક પ્રવાસ યોજાનાર છે.

પ્રવાસમાં જોડાવવા ઈચ્છુકોએ તા. ૩૦-૯-૨૦૧૩સુધી સાદા કાગળમાં વાલી સંમતિપત્ર અને પાસપોર્ટ ફોટા સહિત સંપૂર્ણ વિગતો સાથેની અરજી કરવાની રહેશે. જે કચેરીના નિયંત્રણ હસ્તકની જિલ્લા રમતગમત અધિકારી, બહુમાળી ભવન, રૂમ નં. ૪૧૧, ત્રીજો માળ, ભૂજ, કચ્છ, પીન ૩૭૦૦૦૧ને મોકલવાની રહેશે.

પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા કુલ ૨૦૦ યુવક-યુવતીઓને પસંદ કરવામાં આવશે. પસંદગી પામનારને તે અંગે જાણ કરાશે. નિવાસ- ભોજનની વ્યવસ્થા સરકારશ્રી દ્વારા કરાશે જ્યારે પ્રવાસમાં જોડાનાર યુવક-યુવતીઓને પ્રવાસ ખર્ચ પોતે જ ભોગવવાનો રહેશે. જેની નોંધ લેવા યુવક સેવા સાંસ્કૃતિ પ્રવૃત્તિ વિભાગના કમિશ્નર રાજેશ માંજુની યાદીમાં જણાવાયું છે.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન થશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સ્થિત અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલાઓ માટે આગામી તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩ને શનિવારે બપોરના બે કલાકે ગાંધીનગર પથિકાશ્રમ ખાતે મોદલ (લાડુ) સ્પર્ધા તેમજ શિવ અને ગણેશ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તો ગાંધીનગર શહેરની બહેનો સ્પર્ધાઓમાં ભાગ લેવા માગતી હોય તો લીનાબેન મહેતા જેમનો નંબર ૨૩૨૭૯૮૬, હંસાબેન જોષી-૨૩૨૩૦૮૭૬, પલ્લવીબેન ગુપ્તે-૯૬૩૮૩૯૩૭૭૯, સાવિત્રીબેન ગોહિલ ૨૩૨૬૦૩૪૨ ઉપર સંપર્ક સાધવો તેમ સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

ડિગ્રી ફાર્મસીની બેઠકો ભરવા બીજા દોરની પ્રવેશ પ્રક્રિયા શરૂ

વિદ્યાર્થીઓને ચોઈસ ફીલીંગ માટે બોલાવાયા : પ્રવેશની પ્રક્રિયા પાંચમી સપ્ટેમ્બર સુધી પરિપૂર્ણ કરવામાં આવશે

અમદાવાદ, તા.૦૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી ફાર્મસીમાં ખાલી પડેલી ૩૬૧૪ બેઠકો પર પ્રવેશ સમિતી દ્વારા બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આજે વિદ્યાર્થીઓની ચોઈસ ફીલીંગ માટે બોલાવવામાં આવ્યા હતા. આ પ્રવેશ પ્રક્રિયા પાંચ સપ્ટેમ્બર સુધી પુર્ણ કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હજી પણ ૩૬૧૪ બેઠકો ખાલી પડી હતી. ડિગ્રી ફાર્મસીમાં કુલ ૪૯૦૦ બેઠકો આવેલ છે. જેના ઉપર પ્રવેશ સમિતી દ્વારા પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જો કે માત્ર ૧૨૧૪ બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો જ્યારે ૩૬૧૪ બેઠકો ખાલી રહેવા પામી હતી. આટલા મોટા પ્રમાણમાં બેઠકો ખાલી રહેવાના કારણે રાજ્ય સરકાર દ્વારા ખાલી બેઠકો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાનો પ્રવેશ સમિતીને નિર્દેશ કરાયો હતો જેના પગલે પ્રવેશ સમિતી દ્વારા ડિગ્રી ફાર્મસીની ખાલી બેઠકો ઉપર પ્રવેશ ફાળવવા પ્રવેશ સમિતીએ બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં આજે વિદ્યાર્થીઓને ચોઈલ ફીલીંગ અને પ્રવેશ ફાળવણી માટે રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા જ્યારે આગામી ચાર સપ્ટેમ્બરના રોજ એલોટમેન્ટ યાદી જાહેર કરવામાં આવશે. જેના આધારે વિદ્યાર્થીઓએ પાંચ સપ્ટેમ્બર પ્રવેશ સમિતીએ શરૂ કરેલા હેલ્પસેન્ટરો ખાતે રીપોર્ટીંગ કરવાનું રહેશે તેમજ બેન્ક ફી ભરીને પાવતી બતાવવાની રહેશે. આ અંગે પ્રવેશ સમિતીના મેમ્બર સેક્રેટરી એમ.એન. પટેલે જણાવ્યું હતું કે ડિગ્રી ફાર્મસીમાં મોટા પ્રમાણમાં બેઠકો ખાલી રહેવાથી બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે પાંચ સપ્ટેમ્બર સુધી પૂર્ણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ડિગ્રી એન્જિનીયરીંગમાં એમબીએ, એમસીએ, એનઈ, એમફાર્મ સહીત તમામ બ્રાન્ચમાં મોટા પ્રમાણમાં બેઠકો દ્વારા આ બેઠકો ભરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જ્યારે એમબીએ અને એમસીએ અભ્યાસક્રમમાં એસએમઈટીની પરીક્ષા ન આપનાર વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવા હાઈકોર્ટે નિર્દેશ કર્યો છે.

ગુજરાત વણકર સેવા સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા આ માસમાં વણકર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધો.૧૦ અને ૧૨માં ૮૫ ટકાથી વધુ માર્કસ મેળવેલનું સન્માન કરવામાં આવશે. સ્નાતક, અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ મેળવેલ હશે. તેમનું સન્માન થશે. સંસ્થાના પ્રતિનિધિ ડી.એમ. પરમાર પ્લોટ ૫૪૦/૨, સેકટર-૭/બી નો સંપર્ક સાધવા જણાવેલ છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં ટૂંકી વાર્તાની રચના વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને મોહનભાઈ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રા. ભરતભાઈ પટેલે મહેમાન કલ્પેશભાઈ પટેલનો પરિચય આપી માહિતી આપી હતી. કલ્પેશભાઈ પટેલ વાર્તા એટલે શું? કથાવસ્તુ, પાત્ર લેખન કલા, ભાષા શૈલી, સંવાદ કલા અને સંઘર્ષ કેવો જોઈએ તેની રસપ્રદ માહિતી આપી હતી.

ગ્રંથપાલ માયાબેન પટેલે આભાર વિધી કરી હતી. કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ શિક્ષણનું ક્ષેત્ર નધણિયાતું કેમ છે?

કેમ્પસ
- ધ્વનિલ પારેખ

એક સપ્તાહમાં શિક્ષણ ક્ષેત્ર બની ગયેલાં કેટલાંક દૃશ્યોનો વિચાર કરવા જેવો છે. સુરતની એક શાળાના વિદ્યાર્થીએ એને ઠપકો આપવામાં આવ્યો એટલે આપઘાત કર્યો હતો. એવું જ અમદાવાદની એક શાળાની વિદ્યાર્થીઓને પણ આપઘાત કર્યો હતો. અમદાવાદના કિસ્સામાં તો એવું પણ વાંચવા મળ્યું છે કે, વિદ્યાર્થીની સાથે ધોલધપાટ કરવામાં આવી હતી અને એને કારણે એણે આવું પગલું ભર્યું હતું. વાત અહીંથી અટકતી નથી. વાલીઓએ એને કારણે જે તે શાળામાં જઇને તોડફોડ પણ કરી હતી. ટૂંકમાં, જે દૃશ્યો આપણી સામે આવે છે એ દૃશ્યો આપણને સ્વસ્થ રાખે એવા જરા પણ નથી.

વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સાઓ દિવસે ને દિવસે વધતા જાય છે. આખી શિક્ષણ પદ્ધતિ જ એવી રીતે વિકસાવવામાં આવી રહી છે કે વિદ્યાર્થી સ્વસ્થ રીતે અભ્યાસ કરી શકે એવી સ્થિતિ જ નથી. એ સતત તણાવગ્રસ્ત જ રહે અને એ ને કારણે કુટુંબના અન્ય સભ્યો પણ તણાવગ્રસ્ત રહે. જે શિક્ષણ આખા કુટુંબને તણાવગ્રસ્ત રાખે એને આપણે શિક્ષણ કહેવું કે કેમ! અને એક-બે દિવસનો તણાવ હોય તો સમજ્યા. આ તો બાળક બાળમંદિરમાં દાખલ થયો નથી કે તણાવ શરૂ થયો નથી. આ તણાવ જ્યાં સુધી એ કોઇ ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી બરકરાર રહે છે અને આખું ઘર એ વર્ષોમાં ઉચાટમાં જીવ્યા કરતું હોય છે. એમાં વળી આ સેમેસ્ટર પદ્ધતિએ દાટ વાળ્યો છે.

હવે, સતત તણાવમાં જીવતો વિદ્યાર્થી ક્યારેક એ સોંપવામાં આવેલું કાર્ય ન કરે અથવા યોગ્ય રીતે ન કરે તો દુનિયાનું શું લૂંટાઇ જવાનું છે? શાળામાંથી એને એવી રીતે ઠપકો તો ન જ મળવો જોઇએ કે આપઘાત સુધીનું પગલું ભરી બેસે. સામે પક્ષે હવે વિદ્યાર્થીઓની સહનશીલતા પણ ઘટતી જાય છે અને એ ઘટતી જાય એ પણ સ્વાભાવિક છે કે એ બીજું કશું જાણી કે સમજી શકવાની ક્ષમતા ગુમાવી ચૂક્યો હોય છે. વળી, આવા સંજોગોમાં જો એને ઘરમાંથી કે શાળામાંથી કોઇ ઠપકો આપે તો એ એના મગજની સંમતુલા ગુમાવી દે અને આપઘાતનું પગલું ભરી બેસે છે. શાળા અને કોલેજના પણ વિદ્યાર્થીઓ શિક્ષણને કારણે પોતાની સહનશક્તિ ધીમે ધીમે ગુમાવતા જાય છે અને એમના માનસિક સ્વાસ્થ્ય ઉપર પણ એની અસર પડતી હોય છે.

શિક્ષણ આખરે તો વિદ્યાર્થીને બધી જ રીતે મજબૂત કરવા માટે હોય છે પણ પરિસ્થિતિ દિવસે ને દિવસે ઉલટી થતી જાય છે. શિક્ષણ આજે વિદ્યાર્થીને તણાવગ્રસ્ત રાખે છે, એની સહનશક્તિ ઘટાડે છે, ધીમે ધીમે એ સંવેદનહીન પ્રાણી થયો જાય છે. આ બધા ગુણો તણાવથી દૂર રહેવું, શહનશક્તિ વધે અને સૌથી વધારે તો એ સંવેદનશીલ પ્રાણી બને એ શિક્ષણ મારફતે વિદ્યાર્થીઓમાં દાખલ થવા જોઇએ પણ એનાથી વિપરીત પરિસ્થિતિ અત્યારે તો જોવા મળે છે.

આટલા બધા આપઘાતના અને વિદ્યાર્થીઓને ન છાજે એવા કિસ્સા સમાજમાં સતત બનતા જોવા મળે છે છતાં સમૂળગી શિક્ષણ પ્રથા વિશે નવેસરથી કેમ વિચારવામાં આવતું નથી? શા માટે શિક્ષણ સાથે સંકળાયેલા અને પોતાને કેળવણીકાર માનતા વરિષ્ઠો ફરીથી ચિંતન નથી કરતાં? શા માટે વાલીઓની પોતાના સંતાનો સંદર્ભે આવી જાગૃતિ ઊભી થતી નથી? શા માટે સરકાર તરફથી કોઇ પ્રયત્નો દેખાતા નથી. આપઘાતના હજી કિસ્સાઓ વધે એની પ્રતીક્ષા કરવામાં આવી રહી છે કે શું? અત્યારે તો લાગી રહ્યું છે કે આ શિક્ષણનું ક્ષેત્ર સાવ નધણિયાતું થઇ ગયું છે.

આદેશપાલે યુનિ. ટાવરમાં લગોવલી જાળીઓ અંતે દુર

આદેશપાલના અન્ય વિવાદાસ્પદ નિર્ણયોની જેમ ચર્ચામાં આવેલી જાળી કાઢવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી

અમદાવાદ, તા.૦૨

ગુજરાત યુનિવર્સિટીના વિવાદીત પૂર્વ કુલપતિએ કુલપતિની ઓફીસની આગળ લગાવેલ જાળીઓ આખરે હટાવી લેવાઈ છે. આદેશપાલના અન્ય વિવાદાસ્પદ નિર્ણયોની જેમ વિવાદાસ્પદ બનેલી આ જાળીઓ કાઢવાની કામગીરી રવિવારે સવારથી જ શરૂ કરી દેવામાં આવી હતી અને આજે યુનિવર્સિટી શરૂ થઈ તે પહેલા જાળીઓ હટાવીને કુલપતિની ઓફીસ યથાવત રીતે કાર્યરત કરી દેવાઈ હતી.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશપાલે પોતાના ૧૧ મહિનાના ટુંકા કાર્યકાળમાં અને વિવાદોને જન્મ આપ્યો હતો. આ વિવાદો પૈકી એક હતો યુનિવર્સિટીમાં કુલપતિના કાર્યાલયની બહાર નાખી દેવામાં આવેલ જાળીઓ આદેશપાલે ચાર્જ સંભાળવાની સાથે જ પોતાના ચેમ્બરની બહાર એટલે કે કુલપતિ અને ઉપકુલપતિની ચેમ્બર્સ વચ્ચે રૂપિયા દોઢ લાખના ખર્ચે ત્રણ જાળીઓ ફીટ કરાવી હતી. આ જાળીઓ ભારે વિવાદ સર્જાયો હતો. ઉલ્લેખનીય છે કે કુલપતિ અને ઉપકુલપતિ ઉપરાંત રજિસ્ટારની ચેમ્બર્સ એક જ લોબીમાં આવેલ છે અને તેમાં અગાઉથી જ એક જાળી નાંખવામાં આવેલ છે તેમ છતાં આદેશપાલે કોઈપણને પુછ્યા વગર કે કોઈનો અભિપ્રાય લીધા વગર મનમાની રીતે નિર્ણય લઈને ત્રણ જાળીઓ ફીટ કરાવી હતી. એક જ લોબીમાં ત્રણ જાળીઓ હોવાથી વહીવટી કામોમાં ભારે અડચણ ઉભી થતી હતી અને મુલાકાતે આવતાં લોકોમાં પણ આશ્ચર્ય ફેલાતું હતું. જાણકારોના મળે આંદોલન કરતા વિદ્યાર્થી સંગઠનો તેમના સુધી ન પહોંચી શકે અને યુનિવર્સિટીમાં ડરનો માહોલ ઉભો કરી શકાય લેવા ઉદેશ્યથી આ જાળીઓ નાખવામાં આવી હતી. જો કે આદેશપાલની વિદાય સાથે જ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિએ મુકુલ શાહે સિન્ડીકેટ બેઠકમાં આ વિવાદાસ્પદ જાળીઓ દુર કરવાનો નિર્ણય કર્યો હતો. જેની કાર્યવાહી અંતે રવિવારે શરૂ કરી દેવામાં આવી હતી અને આજે સવારે ૧૦ વાગ્યે જાળીઓ હટાવવાની કામગીરી આટોપી લેવાઈ હતી. જેની આજે યુનિવર્સિટી મુક્ત વાતાવરણમાં શરૂ થઈ હતી. ઉલ્લેખનીય છે કે આદેશપાલના જાળીઓ નાંખવા જેવા આડેધડ ખર્ચાઓના કારણે વિદ્યાર્થીઓ અને સિન્ડીકેટ સભ્યોમાં ભારે વિરોધ વ્યાપી ગયો હતો અને તેના વિરોધમાં અનેક આંદોલનો થયા હતા.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ખાતે નંદ મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં આવેલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેકટર-૨૩ ખાતે નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ધાર્મિક તહેવારોની ઉજવણીનો ખ્યાલ આવે તે હેતુથી નંદ મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલીમાર્થીઓએ નાટક, ભજન, ગરબા રજુ કર્યા હતા અને આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નંદ મહોત્સવની ઉજવણીમાં મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સેકટર-૭ ચૌધરી ટેકનીકલ સંસ્થામાં રીફેશ-૨૦૧૩ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સહેરના સેકટર-૭ સ્થિત ચૌધરી ટેકનીકલ સંસ્થામાં તા. ૩ અને ૪ સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ 'રીફેશ-૨૦૧૩'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થિનીઓ દ્વારા મનોરંજનને લગતા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

ચૌધરી ટેકનીકલ સંસ્થામાં બે દિવસ દરમિયાન યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં સંસ્થાની વિવિધ ફેકેલ્ટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ રીફેશ-૨૦૧૩ના પ્રથમ દિવસે ઓરીયન્ટલ પ્રોગ્રામ, પ્લેયર ડાન્સ, ટ્રેઝરહંટ, વેલકમ ડાન્સ, નાટક, પ્રોમ ડાન્સ, પેપર ડાન્સ, મ્યુઝીક ફન, મીસ સી.ટી.આઈ. જ્યારે બીજા દિવસે કલાસીકલ સોલો અને ગ્રૂપ ડાન્સ, સોલો સીન્ગીંગ, ફ્યુઝન સોલો અને ગ્રૂપ ડાન્સ સહિતના કાર્યક્રમો યોજાશે, તેમ સંસ્થાના ડાયરેક્ટર પ્રો. અમીત પટેલે જણાવ્યું હતું.

જાળીઓને જરૂર હશે તે વિભાગમાં ફીટ કરાશે

અમદાવાદ, તા.૦૨

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશપાલે કુલપતિ ચેમ્બરમાં લગાવેલ ત્રણ જાળીઓ હટાવી લેવામાં આવી છે. એક વર્ષ પહેલા આદેશપાલે રૂપિયા દોઢ લાખના ખર્ચે નંખાવેલ આ જાળીઓને હટાવી લીધા બાદ હવે તેને ભંગારમાં આપવામાં નહીં આવે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આ જાળીઓને ભંગારમાં આપવાની જગ્યાએ કોમ્પ્યુટર અથવા તો જે ડિપાર્ટમેન્ટમાં જરૂરીયાત હોય ત્યાં ફીટ કરવામાં આવશે. જેથી આદેશપાલે જાળીઓ પાછળ કરેલા ખર્ચમાંથી શક્ય હોય તેટલા નાણાં વસુલ કરી શકાય.